Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-1, June-2023
www.researchguru.net

# ભારતમાં મહિલા ક્રાંતિના મસિહા તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર

**અમિત રાવલ**

રિસર્ચ સ્કોલર, સમાજકાર્ય વિષય, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

***સારાંશ***

*સુપ્રસિદ્ધ ઈતિહાસકાર ડૉ. કુમારપાળ પરમાર નોંધે છે, 'બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર, દરેક જાતિની મહિલાને કાનુની અધિકારો અપાવનાર બાબાસાહેબ ન કેવલ દલિતોના નેતા હતા, બલ્કી સમગ્ર માનવજાતના ઉદ્ધારક હતા.'*

*'મહિલા સશક્તિકરણ' ઘણાં વર્ષોથી ચાલી આવી છે અને વર્તમાનયુગમાં તો ફેશનમાં છે. સ્ત્રી સશક્તિકરણ પરના વિચારો, ફિલ્મ જગતમાં પણ સ્ત્રીના યોગદાન અને તેમની શક્તિઓ પર ફિલ્મો બનાવવાનું મુકતી નથી. રાજનૈતિક દળો પણ મહિલા સશક્તિકરણના તવા પર પોતાના પાપડ સેકતી હોય છે. હર કોઈ મહિલાને સશક્ત બનાવવા પર શ્રેય લેવાના પ્રયાસો કરી રહ્યા છે. પણ, ભારતમાં મહિલા સશક્તિકરણના અસલી હિરો ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર હતા. તે અંગે સંશોધન કરી પ્રસ્તુત શોધપત્ર તૈયાર કરાવામાં આવ્યુ છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *મહિલા, સ્ત્રી, મહિલા સશક્તિકરણ, ડૉ. બાબાસાહેબ આંબેડકર*

## ૧. પ્રસ્તાવના

વૂમન એમ્પાવરમેન્ટ એટલે 'મહિલા સશક્તિકરણ' ઘણાં વર્ષોથી ચાલી આવી છે અને વર્તમાનયુગમાં તો ફેશનમાં છે. સરકાર અને ઘણી બિન-સરકારી સંસ્થાઓ આ માટે કર્યો કરી રહી છે. વર્ષમાં એકવાર આવતા દર મહિલા દિવસે છાપાઓના પાનાઓ મહિલા સશક્તિકરણના ઉદાહરણોથી ભરેલા હોય છે. ન્યઝ ચેનલો પર પણ ડિબેટ તથા અન્ય પ્રોગ્રામો દ્વારા હસ્તીઓ પોતાના સ્ત્રી સશક્તિકરણ પરના વિચારો રાખતી જોવા મળે છે. અરે, ફિલ્મ જગત પણ સ્ત્રીના યોગદાન અને તેમની શક્તિઓ પર ફિલ્મો બનાવવાનું મુકતી નથી. રાજનૈતિક દળો પણ મહિલા સશક્તિકરણના તવા પર પોતાના પાપડ સેકતી હોય છે. આ વિષય પર બેટી બાચાઓ- બેટી પઢાઓ, સેલ્ફી વિથ ડૉટર, સુકન્યા સમૃદ્ધિ યોજના, વગેરે જેવી યોજનાઓ પણ છે. હર કોઈ મહિલાને સશક્ત બનાવવા પર શ્રેય લેવાના પ્રયાસો કરી રહ્યા છે. પણ, ભારતમાં મહિલા સશક્તિકરણના અસલી હિરો ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર હતા. તે અંગેની માહિતી આપવા બદલ આ લેખ તૈયાર કરાવામાં આવ્યો છે.

## ૨. સંશોધન સંબધિત સાહિત્ય સમિક્ષા

- **મનુ, (૨૦૨૦):** જ્યારે પણ મહિલાઓ વિશે ચર્ચા થાય છે ત્યારે મનુસ્મૃતિનું નામ સૌથી પહેલા લેવામાં આવે છે. આ પુસ્તકમાં જ્યારે માણસે સમાજ અને રાષ્ટ્રના અસ્તિત્વ અને મહત્વને ઓળખ્યું, ત્યારે તેની ફરજો અને અધિકારોનું અર્થઘટન નક્કી કરવાની અને નિયમોના ઉલ્લંઘન પર સજા કરવાની જરૂરિયાત ઊભી થઈ. મનુસ્મૃતિ એ વ્યક્તિ અને સામાજિક વ્યવસ્થાના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવા અને વ્યક્તિની લૌકિક પ્રગતિ અને દિવ્ય કલ્યાણ માટેનો માર્ગ મોકળો કરવા માટે મહત્વનો ખૂબ જ ઉપયોગી ગ્રંથ છે.
- **રાય, પ્રિયંકા (૨૦૦૫):** પ્રસ્તુત સંશોધનમાં દર્શાવ્યું છે કે ભારતીય સમાજમાં મહિલાઓની સ્થિતિ અને તેને લગતા પ્રશ્નની ચર્ચા કરતા પહેલા એ સમજવું જરૂરી છે તેમજ સાહિત્યમાં નોંધાયેલા શ્લોકોના દાખલા વડે સ્ત્રીઓની સ્થિતિને દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વર્તમાન

નિબંધમાં એવું લાગે છે કે ૧૯મી સદીમાં મહિલાઓની સ્થિતિ પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સંશોધકે તેમના નિષ્કર્ષમાં દર્શાવ્યું છે કે આધુનિક સમયમાં મહિલાઓની સ્થિતિ ઘણી સારી છે, આજે મહિલાઓ પુરુષોની મિત્ર, સહકર્મી, સહકર્મચારી વગેરે છે. વર્તમાન અભ્યાસ ગાંધીજી અને ગાંધી યુગ વિશે છે.

- **પદ્મ (૨૦૦૧):** પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં મહિલાઓની સ્થિતિનો અભ્યાસ કર્યો છે. સામાજિક દુષણોથી પીડિત મહિલાઓની સંખ્યા બતાવીને દુષ્ટતાની હદ જણાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. છેલ્લા મૂલ્યાંકનમાં ભારતમાં મહિલાઓની સ્થિતિ શું હતી? શું ફેરફારો આવ્યા છે? તમને કેટલી હદે સફળતા મળી? શું કોઈ ખામીઓ છે? અને તેના કારણો વગેરે અંગેની વિગતો રજૂ કરવામાં આવી છે.
- **ભારતી, (૨૦૧૮):** પ્રસ્તુત સંશોધન પત્રમાં લેખિકાએ જણાવ્યું છે કે ભારતમાં ૨૧મી સદીમાં પણ અનેક રૂઢિચુસ્ત વિચારોને કારણે મહિલા વર્ગ હજુ પણ પછાત છે. આધુનિક યુગમાં આપણો સમાજ વ્યર્થ છે. પુરુષ-પ્રધાન સમાજ. સમાજ મુખ્ય છે. આજે ભલે મહિલાઓ ગમે તેટલી આગળ વધે, પરંતુ મહિલાઓ અને પુરૂષો વચ્ચે પુરતી લિંગ સમાનતા છે, આજે ૨૧મી સદીમાં પણ ઘણી સિદ્ધિઓ હાંસલ કર્યા પછી પણ આ પુરુષપ્રધાન દેશમાં મહિલાઓ પાછળ છે.

## ૩. ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ટૂંકમાં પરિચય

ઈ.સ.૧૮૯૧માં જન્મેલા ડૉ. આંબેડકરજીને દલિતોએ પોતાના નેતા તરીકે પ્રકાશિત કર્યાં છે, પણ તેઓ માત્ર દલિતો કે પિડિતોના ઉદ્ધારક હતા એવું નથી. તેમણે દરેક જાતિનું કલ્યાણ કર્યું છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, સ્ત્રી-શિક્ષણ ફરજીયાત, સ્ત્રીઓને વારસાગત હક, હિન્દુ લગ્ન પંજીકરણ, બાળ-કલ્યાણ, વગેરે જેવા કાયદાઓ ન કેવળ ઓબીસી, અનુસુચિત જાતિ-જનજાતિને લાગુ પડે છે બલ્કી એ એ ધર્મ, સંપ્રદાય, જાતિ, પેટાજાતિને લાગુ પડે છે જેમાં સ્ત્રીઓ છે. એનો સ્પષ્ટપણે અર્થ એ થાય કે ડૉ. આંબેડકર વ્યક્તિના ઉદ્ધારક હતા અને જ્યાં સુધી તેમના દ્વારા રચાયેલું બંધારણ છે ત્યાં સુધી રહેવાના છે.

તારીખ ૫મી ફેબ્રુઆરી ૧૯૫૧ના રોજ ડૉ. ભીમરાવ આંબેડકરે ભારતીય સંસદમાં 'હિન્દુ કોડ બિલ' રજુ કરીને એક ઐતિહાસિક પગલુ ભર્યું હતું. જેનો મક્સદ હિન્દુ મહિલાઓને સામાજિક શોષણથી આઝાદ કરાવવું અને પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રીઓને બરાબર અધિકાર અપાવવાનો હતો. આ ઐતિહાસિક પગલા પહેલા ધાર્મિક માન્યતાઓમાં સ્ત્રી-હકો પર અલગ-અલગ મતો હતા. એક મત પ્રમાણે સ્ત્રી ધન, વિદ્યા અને શક્તિની દેવી છે. ઋગ્વેદમાં, બેટીના જન્મને દુ:ખોની ખાણ અને પુત્રને આકાશ જ્યોતિ માનવામાં આવ્યા છે, તેમજ તેમાં નારીને મનોરંજનકારી ભોગ્યના રૂપમાં વર્ણિત કરવામાં આવી છે. એટલું જ નહિ અર્થવેદમાં તો એવું કહેવામાં આવ્યું છે કે જગતની દરેક નારી શુદ્ર છે. બીજું,

> રાત હોય કે દિવસ, ક્યારેય સ્ત્રીને સ્વતંત્ર ન થવા દેવી જોઈએ. તેમને લૈંગિક સંબંધો દ્વારા આપણા વશમાં રાખવી જોઈએ, બાળપણમાં પિતા, યુવાવસ્થામાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્ર તેમની રક્ષા કરો. સ્ત્રી સ્વતંત્ર થવાને લાયક નથી.
>
> (મનુસ્મૃતિ, અધ્યાય ૯, ૨-૩)

## ૪. ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રયાસો

આંબેડકરજીનું માનવું હતું કે, ખરેખર પ્રજાતંત્ર ત્યારે જ આવશે, જ્યારે મહિલાઓને પિતાની સંપત્તિમાંથી બરાબર ભાગ મળશે. પુરુષોને જેટલા અધિકારો મળે છે તેટલા અધિકારો સ્ત્રીઓને મળશે. મહિલાઓની ઉન્નતિ ત્યારે જ થશે જ્યારે

એમને પરિવાર-સમાજમાં બરાબરીનો દરજ્જો મળશે. શિક્ષા અને આર્થિક તરક્કી સ્ત્રીઓની આ કામમાં મદદ નહિ જ કરી શકે. ડૉ. બાબાસાહેબે આ કાર્યની પુર્તિ કરવા માટે ઐતિહાસિક 'હિન્દુ કોડ બીલ' તૈયાર કર્યું.

હિન્દુ કોડ બીલ સંસદમાં પાસ કરવું આસાન ન હતું. તેને સંસદમાં રજુ કરતાની સાથે અંદર અને બહાર વિરોધ થવા લાગ્યો. સનાતન હિન્દુથી માંડીને સંપ્રદાયો નહિ આર્ય સમાજ પણ આંબેડકરજીના વિરોધી થઈ ગયા, સંસદમાં પણ ઘણો જ વિરોધ થયો. એટલુ તો પુરતુ ન હતું, ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે પણ બીલનો વિરોધ કર્યો હતો. આંબેડકરજી કહેતા હતા, 'મુઝે ભારતીય સંવિધાન કે નિર્માણ સે જ્યાદા દિલચસ્પી ઔર ખુશી હિંદુ કોડ બીલ પાસ કરાને સે મિલેગી'.

આખરે ૨૬મી સપ્ટેમ્બર ૧૯૫૧ના રોજ મી. નહેરુએ ઘોષણા કરી, આ બીલને આ સદનમાંથી પરત લેવામાં આવે છે'. આ બીલના પાસ ન થવાથી આંબેડકરજીને પુત્ર-મૃત્યુ જેવો આઘાત લાગ્યો અને બીજા દિવસે એટલે કે ૨૭મી સપ્ટેમ્બર ૧૯૫૧એ તેમણે મંત્રીપદથી રાજીનામું આપી દિધું. સમાજ કલ્યાણમાં ઉઠાવેલાના ઐતિહાસિક પગલાનો મક્સદ પૂર્ણ ન થતાં સત્તા છોડી દેવી એ નિસ્વાર્થ સમાજસેવીની ઓળખ છે. એ બાબાસાહેબ જેવા જ માણસો કરી શકે તેમ છે.

આંબેડકરજીના રાજીનામાની સાથે જ ભારતભરમાં 'હિન્દુ કોડ બીલ'ના પક્ષમાં મોટી પ્રતિક્રિયાઓ થઈ, ખાસ કરીને મહિલા સંગઠનો દ્વારા. જેનો પ્રભાવ વિદેશોમાં પણ જોવા મળ્યો હતો. થોડા વર્ષ બાદ એટલે કે ૧૯૫૫-૫૬માં બીલના અધિકાંશ પ્રાવિધાનોમાંના હિન્દુ વિવાહ અધિનિયમ, હિન્દુ તલાક અધિનિયમ, હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ અને હિન્દુ દત્તકગૃહણ અધિનિયમ સંસદમાં પારિત થયા, આનો પૂર્ણતઃ શ્રેય ડૉ. આંબેડકરજીને જ જાય છે.

## ૫. ઉપસંહાર

આગળ જોયુ તેમ, મહિલાઓ ફક્ત દલિતોમાં જ હોય છે એવું નથી પણ દરેક ભારતીય સમાજમાં સ્ત્રીને પહેલેથી જ શુદ્રની ભાતી રાખવામાં આવતી હતી. ભારતીય સંવિધાનના પ્રમૂખ વાસ્તુકાર ડૉ. ભીમરાવ આંબેડકર સંભવતઃ પહેલા વ્યક્તિ હતા કે જેમણે જાતીય સંરચનામાં મહિલાઓની સ્થિતીને જેંડરની દ્રષ્ટ્રિથી સમજવાનો પ્રયત્ન કર્યો અને તેમના મંગળકારી કલ્યાણમાં કાર્ય કર્યું. આ પરથી જોઈએ તો ડૉ. આંબેડકર ફક્ત દલિતોના નેતા હતા એવું નથી પણ તેમને અન્ય કારણોસર દલિતોના નેતા, તેમના ઉદ્ધારક તરીકે પ્રસ્તાપીત કરી દેવામાં આવ્યા છે. ખરેખર તો તેઓ ભારતમાં વસતી દરેક બ્રાહ્મણ સ્ત્રી, ક્ષત્રિય મહિલા, વૈશ્ય નારી, શુદ્ર બાઈ કે આદીવાસી પોરી બધાને કાનૂની હક અપાવી ભારતદેશનું કલ્યાણ કર્યુ છે. આજે સ્ત્રીઓ છૂટથી ભણી-ગણી, હરી-ફરી શકે છે, તો તે બાબાસાહેબને જ દેન છે.

**સંદર્ભસૂચિ**

પરમાર, કુમારપાળ (૨૦૨૦), ડૉ. આંબેડકરઃ લેખકોની કલમે, અમદાવાદઃ ઈન્સ્ટિટ્યુટ ઓફ રિસર્ચ એજ્યુકેશન એન્ડ ડેવલોપમેન્ટ

પદ્મ, ૨૦૦૧, ૧૯મી સદીમાં ભારતીય મહિલાઓની સ્થિતિ, વારાણસીઃ મહાત્મા ગાંધી કાશી વિદ્યાપીઠ

ભારતી, (૨૦૧૮), "આધુનિક યુગમાં મહિલા સુરક્ષા અથવા મહિલા સશક્તિકરણ", શોધ મંથન (૫): ૧૫૩-૧૫૮

મકવાણા, કિશોર (૨૦૨૦), ડૉ. બાબાસાહેબ આંબેડકરઃ રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન, મુંબઈઃ આર. આર. શેઠ એન્ડ કું પ્રા. લી.

મનુ, (૨૦૨૦), મનુસ્મૃતિ (હિન્દી પ્રિન્ટ), નવી દિલ્હીઃ પ્રભાત પ્રકાશન

રાય, પ્રિયંકા, ૨૦૦૫, ગાંધી યુગમાં મહિલાઓની સ્થિતિ, વારાણસીઃ મહાત્મા ગાંધી કાશી વિદ્યાપીઠ

રેણુ, સરન (૨૦૧૬), ભારતના મહાપુરુષઃ ડૉ. ભીમરાવ આંબેડકર, અમદાવાદઃ ડાયમન્ડ પોકેટ બુક્સ પ્રા.લી.

Becker, Saul, Bryman, Alan, Harry Ferguson(Eds.) (2012), Understanding Research for Social Policy and Social Work 2E: Themes, Methods and Approaches, Bristol: Bristol University Press: 32-38